# વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકરની મલેશિયાની મુલાકાત (માર્ચ 27-28, 2024)

28 માર્ચ, 2024

વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકરે 27-28 માર્ચ 2024ના રોજ મલેશિયાની સત્તાવાર મુલાકાત લીધી હતી.

2. વિદેશમંત્રીએ મલેશિયાના વડા પ્રધાન મહામહિમ શ્રી યાબ દાતો'સેરી અનવર બિન ઇબ્રાહમ સાથે સૌજન્યપૂર્ણ મુલાકાત કરી અને વડાપ્રધાન મોદી વતી તેમને શુભેચ્છાઓ પાઠવી. તેમણે ભારત-મલેશિયા ઉન્નત વ્યૂહાત્મક ભાગીદારી હેઠળ દ્વિપક્ષીય સંબંધોને ગાઢ બનાવવામાં તેમના સમર્થન બદલ વડાપ્રધાન અનવરનો આભાર માન્યો હતો.

3. વિદેશમંત્રીએ મલેશિયાના વિદેશ મંત્રી, મહામહિમ શ્રી દાતો'સેરી ઉતમા હાજી મોહમ્મદ બિન હાજી હસન સાથે દ્વિપક્ષીય બેઠક યોજી. બંને નેતાઓએ રાજકીય, વ્યાપારિક અને આર્થિક, સંરક્ષણ, ડિજિટલ, સંસ્કૃતિ અને શિક્ષણ સહિત દ્વિપક્ષીય સહયોગ પર વ્યાપક ચર્ચા કરી હતી. તેમણે પ્રાદેશિક અને વૈશ્વિક હિતના મુદ્દાઓ પર પણ પોતાના વિચારોનું આદાન-પ્રદાન કર્યું. વિદેશમંત્રીએ ડીજીટલ મંત્રી મહામહિમ શ્રી વાયબી ગોવિંદ સિંહ દેવની પણ મુલાકાત લીધી.

4. મુલાકાત દરમિયાન, વિદેશમંત્રીએ ઉદ્યોગોના CEOs અને અગ્રણીઓ સાથે રાઉન્ડ ટેબલ મીટિંગ કરી. તેમણે મલેશિયામાં ભારતીય સમુદાયના સભ્યો સાથે પણ વાતચીત કરી અને ભારત-મલેશિયા સંબંધોમાં તેમના યોગદાનની પ્રશંસા કરી.

5. મલેશિયા ASEAN અને આપણી એક્ટ ઈસ્ટ પોલિસીમાં ભારત માટે મુખ્ય ભાગીદાર છે. વિદેશમંત્રીની મલેશિયાની મુલાકાતે ઉન્નત વ્યૂહાત્મક ભાગીદારીને વધુ વિકસાવવાની પ્રતિબદ્ધતા ફરીથી દર્શાવવા માટેની તક પૂરી પાડી.

**નવી દિલ્હી**

**28 માર્ચ, 2024**